**–: નમૂનો : અ :–**

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૮/૦૩/૨૦૧૧ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૮/૦૩/૨૦૧૧ | | |
| ફેંસલ તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૧૫ | ૦૧ | ૦૦ |

## વિરમગામનાં મહે. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં, મું.વિરમગામ, જી.અમદાવાદ.

**ફોજદારી કેસ નં. ૨૭૦/૨૦૧૧**

**આંક–**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ: | પશુ સંરક્ષણ ધારાની કલમ–૫,૬,૮ તથા પશુ કૃરતા ધારાની કલમ ૧૧ (ડી) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં.: | સેકન્ડ ગુના રજી.નં. ૮૧/૨૦૧૦ |
| પોલીસ સ્ટેશન: | વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ: | શ્રી સરકાર |
| ફરિયાદ પક્ષ તરફે : | વિ. એ પી પી શ્રી એમ.એ.ઘાસુરા |
| આરોપી : | **(૧)ફિરોજભાઈ એહમદભાઈ શેખ**<br>રહે. મકરબા ટેકરા, સંગમ સિનેમા પાછળ, સરખેજ, અમદાવાદ.<br>**(૨) મહેમુદભાઈ મુશાભાઈ મારૂ**<br>રહે. જુહાપુરા, સાહિસ્તા ફ્લેટની બાજુમાં દિશા પાર્ક સોસાયટી,મ.ન. ૮, અમદાવાદ |

| | |
|---|---|
| આરોપી તરફે : | આર. જે. અસારી |

**<u>-:નમૂનો-બ:-</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | તા.૧૫/૧૧/૨૦૧૦ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | તા.૧૫/૧૧/૨૦૧૦ |
| ચાર્જશીટની તારીખ | તા.૨૦/૦૨/૨૦૧૧ |
| તહોમતનામું / પ્લી ફરમાવ્યાની તારીખ | - |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા.૨૪/૦૯/૨૦૨૫ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | તા. ૦૮/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૦૮/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | -- |

**<u>આરોપીની વિગત:-</u>**

| ક્રમ . | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જમીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસૂરવાર | શું સજા કરી | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ફિરોજભાઈ એહમદભાઈ શેખ** | ૧૫/૧૧/૧૦ | ૧૫/૧૧/૧૦ | પશુ સંરક્ષણ ધારાની કલમ-૫,૬,૮ તથા પશુ ક્રૃરતા ધારાની કલમ ૧૧ (ડી) મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨. | **મહેમુદભાઈ મુશાભાઈ મારૂ** | ૧૫/૧૧/૧૦ | ૧૫/૧૧/૧૦ | પશુ સંરક્ષણ ધારાની કલમ-૫,૬,૮ તથા પશુ ક્રૃરતા ધારાની કલમ ૧૧ (ડી) મુજબ | નિર્દોષ | -- | -- |

**<u>-: નમૂનો-ક :-</u>**

**<u>- : : સાહેદોનું લિસ્ટ : : -</u>**

**અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :**

| અનુ. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૭ | અનીરૂધ્ધસિંહ ઉમેદસિંહ ઝાલા | ફરીયાદી |
| ૨ | ૦૯ | રાજુભાઈ ગાડાભાઈ રબારી | પંચસાહેદ |
| ૩ | ૧૧ | હરીશભાઈ પ્રભાશંકર મહેતા | પંચસાહેદ |
| ૪ | ૧૨ | ભરતભાઈ સબુરભાઈ કલાસવા | ત.ક.અ.શ્રી |

**:: દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ ::**

**બ. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજ**

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૦ | પંચનામા ની નકલ |
| ૨. | ૦૮ | ફરીયાદની નકલ |

**JUDGMENT**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૧૫/૧૧/૧૦ ના કલાક ૪–૩૦ વાગે મોજે હાંસલપુર ચોકડી પાસે રોડ ઉપર ટ્રક નં. જી.જે. ૧ ટી.ટી. ૯૮૫૯ માં ગેરકાયદેસર જીવતા બળદો નંગ. ૧૧ ખીચો ખીચ ભરી ટુકા દોરડાથી બાંધી ઘાસચારા કે પાણીની વ્યવસ્થા નહીં રાખી ક્રુર રીતે હેરાફેરી કરતા પકડાઈ જઈ ગુનો કરેલ છે. જે મતલબની ફરીયાદ, આ કામના ફરીયાદીએ પોલીસમાં આપતાં, વિરમગામ રૂરલ પો. સ્ટે. સે. ગુના રજી. નં .૮૧/૧૦ થી, પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫,૬,૮ તથા પશુ કૃરતા ધારાની કલમ ૧૧ (ડી) મુજબના ગુનાની નોંધ કરી, ત.ક. અમલદાર દ્વારા ગુનાની તપાસ કરતાં, જરૂરી પંચનામા કરી, લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો નોંધી, આરોપીઓ સામે પુરતો પુરાવો મળતાં અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપી ઉપર અવાર નવાર સમન્સ તથા વોરંટ કાઢવામાં આવેલ છે. પરંતુ આરોપી મળી આવતા ન હોઈ તેથી પ્રોસેસ વગર બજે પરત આવેલ

છે. આમ, આરોપી હાજર થયેલ ન હોઈ અને તેઓને પ્રોસેસનો બજવણી થતી ન હોઈ કે તેમના જામીનદાર મળી આવતા ન હોઈ અને આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવવાની કોઈ શક્યતા રહેલી ન હોઈ તેથી સદરહું કેસ જુનો હોઈ અને આરોપીને પ્રોસેસ બજતી ન હોય આરોપીની ગેરહાજરીમાં ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૯૯ મુજબ સદરહું કેસની આગળની ન્યાયીક કાર્યવાહી ચલાવવાનો આંક–૦૧ હેઠળ હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપરોકત જણાવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે ઉપર લખ્યા સિવાયનો અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને આ કામે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરીયાદ પક્ષે વધુ સાહેદો તપાસવાની જરુરીયાત રહેતી ન હોય તેઓને મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) આરોપીની ગેરહાજરીમાં ન્યાયીક કાર્યવાહી ચલાવવાનો હુકમ થયેલ હોઈ,આવેલ છે.આ કામે ફરીયાદપક્ષે આવેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનું વિષેશ નિવેદન લેવામાં ન આવે તો આરોપીને કોઇ પ્રીજયુડાઇઝ થાય તેવું જણાતુ ન હોય કે, આરોપીને કોઇ અન્યાય થાય તેવુ જણાતુ ન હોય તેથી તેઓનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોં ધવામાં આવેલ નથી.

ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તર્ફે કોઇ રજુઆત નથી.

(૬) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવા ઘ્યાને લેતાં આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થીત થાય છે.

**ઃ મુ દ્ધા ઓ ઃ**

મુદ્ધા નં.૧ શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૧૫/૧૧/૧૦ ના કલાક ૪–૩૦ વાગે મોજે હાંસલપુર ચોકડી પાસે રોડ ઉપર ટ્રક નં. જી.જે. ૧ ટી.ટી. ૯૮૫૯ માં ગેરકાયદેસર જીવતા બળદો નંગ. ૧૧ ખીચો ખીચ ભરી ટુકા દોરડાથી બાંધી ઘાસચારા કે પાણીની વ્યવસ્થા નહીં રાખી ક્રુર

રીતે હેરાફેરી કરતા પકડાઈ જઈ પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫,૬,૮ તથા પશુ કૃરતા ધારાની કલમ ૧૧ (ડી) મુજબનો ગુનો કરેલ છે ?

**મુદ્દા નં. ૨** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧** નકારમાં.

**મુદ્દા નં. ૨** આખરી હુકમ મુજબ.

// **કા ર ણો** //

**મુદ્દા નં. ૧ –**

**<u>ફરીયાદપક્ષનો પુરાવો</u>**

(૮) ફરિયાદપક્ષ તરફે રજુ મૌખિક પુરાવો ધ્યાને લઈએ તો સદર કામે સૌ પ્રથમ ફરીયાદપક્ષે **ફરીયાદી અનીરૂધ્ધસિંહ ઉમેદસિંહ ઝાલાને આંક–૦૭** થી તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તા. ૧૪–૧૫/૧૦ ના રોજ તેઓ તથા તેમની સાથેના પોલીસના માણસો સરકારી ગાડીમાં કલાક ૨૩:૦૦ થી ૫:૦૦ દરમ્યાન વિ.રૂ.પો.સ્ટે. હદ વીસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેઓને ખાનંગી રાહે બાતમી હકીકત મળેલ કે, ધાંગ્રધા તરફથી એક ટ્રક નં. જી.જે. ૦૧ ટી.ટી. ૯૮૫૯ માં ગેરકાયદેસર પશુ ભરીને લાવી રહયા છે. જેથી વાહન ચેકીંગ દરમ્યાન બાતમી હકીકત મુજબની વાદળી ટ્રક આવતા જેને રોકી તપાસ કરતા પાછળ બેટરીના અજવાળે ટ્રકની અંદર જોતા પશુઓ ભરેલ હતા. જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી ટ્રકમાં બે ઈસમો બેઠેલા હતા જેમાં એકનું નામ ફીરોજભાઈ મહેમદભાઈ શેખ રહે. સંગમ સીનેમા, ફતેવાડી, અમદાવાદ તથા નંબર ૨. મહેમુદભાઈ મુસાભાઈ રહે. જુહાપુરા, અમદાવાદનો હોવાનું પંચો રૂબરૂ જણાવેલ અને પંચો રૂબરૂ ટ્રકમાં પશુઓની ખાતરી કરતા કુલ–૧૧ બળદો ટુંકા દોરડાથી બાંધેલા હોય અને જેમાં ઘાસચારો, પાણી કે રેતી જેવી સુવીધાઓ રાખેલ ન હોય અને પશુઓને ક્રુરતા પૂર્વક બાંધી લઈ જવાતા હોય તેઓએ તેમની વિરૂધ્ધ પશુ સંરક્ષણ ધારાની કલમ–૫,૬,૮ તેમજ પશું ક્રુરતા ધારા–૧૧(એ) મુજબ સાથેના હે.કો. એ કાયદેસરનું પંચનામું કલાક–૩:૩૦ થી ૪:૩૦ સુધીનું કરી લઈ પં ચનામાની વિગતે બળદો તથા ટ્રક કબ્જે કરેલ. પશુઓને પાંજરાપોળમાં મોકલી આપેલ.

જે બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલી. તેઓને આંક-૦૮ થી ફરીયાદની નકલ બતાવવમાં આવે છે તેમાં તેઓની સહી છે. જે સહી તેઓ ઓળખી બતાવે છે. આારોપી સામે સી.આર.પી.સી. ૨૯૯ મુજબની કાર્યવાહી કરેલ હોય ઉલટતપાસ નથી.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે **પંચસાહેદ રાજુભાઈ ગાડાભાઈ રબારીને આંક-૦૯ થી** તપાસવામાં આવેલ છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે,આજ થી ૧૫ વર્ષ અગાઉ રાત્રીના બે-અઢી વાગયે પો.સ્ટે.માંથી ફોન આવેલ અને પો.સ્ટે. આવવા જણાવેલ તેઓ પો.સ્ટે. ગયેલ જયાં પોલીસે તેઓને જણાવેલ કે, એક ટ્રક પકડેલ છે અને તેમાં બળદો છે અને તેનું પંચનામું કરવાનું છે. જેથી તેઓ પંચ તરીકે રહેવા તૈયાર થયેલ અને લખાવેલ કે ત્યાં ટ્રકમાં ૧૧ બળદો ભરેલ છે તેવું જણાયું હતું. ત્યાં બે ઈસમો ઉભા હતા જે ઈસમોનું નામ સરનામું તેઓને ખબર નથી. જે ટ્રક તથા બળદોનું વર્ણન તેઓએ લખાવેલ. સદરહું બળદ ટુંકા દોરડાથી બાંધેલ અને તેમાં ઘાસચારાની કે પાણીની સગવડ દેખાતી ન હતી જે અંગે વર્ણન તેઓએ પોલીસને લખાવતા પોલીસે લખી લીધેલ અને તેઓએ પંચનામામાં તેઓએ સહી કરેલી. તેઓ આંક-૧૦ થી રજુ થયેલ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમાં પંચ-૧ તરીકે તેઓની સહી છે. આારોપી સામે સી.આર.પી.સી. ૨૯૯ મુજબની કાર્યવાહી કરેલ હોય ઉલટતપાસ નથી.

(૧૦) ફરીયાદપક્ષે **પંચસાહેદ હરીશભાઈ પ્રભાશંકર મહેતાને આંક-૧૧ થી** તપાસવામાં આવેલા છે. જે મુજબ આશરે ચૌદ એક વર્ષ પહેલાં હાંસલપુરથી સોકલીના રોડ વચ્ચે તેઓને પોલીસે બોલાવેલ ત્યાં તેઓએ પંચ તરીકે રહેવા જણાવેલ તેમ તે જગ્યાએ એક ટ્રક ઉભેલી હતી તેમાં આશરે ૧૧ થી ૧૫ બળદો ભરેલા હતા અને એક ડ્રાઈવર હતો જેનુ નામ ફીરોઝ શેખ જણાવેલ તેમજ પોલીસના માણસો પણ ત્યાં હતા . પોલીસે તેઓને ગાડી ગૌવંશ લઈને જતી હોય પકડેલ છે તેવુ જણાવેલ ત્યારબાદ પોલીસે આ ગૌવંશને ગણેલ અને એક લખાણ કરી તેમાં તેઓની પંચ તરીકે સહી લીધેલ . તે જગ્યાએ અન્ય બે વ્યકિત પણ ઉભેલ હતા પણ તેમના નામ તેઓને યાદ નથી. તેઓને આંક -૧૦ વાળું પંચનામુ બતાવવામાં આવેલ છે જેમાં પંચ પરીકે તેઓની સહી છે જે સહી ઓળખી બતાવે છે. આારોપી સામે સી.આર.પી.સી. ૨૯૯ મુજબની કાર્યવાહી કરેલ હોય ઉલટતપાસ નથી.

(૧૧) ફરિયાદપક્ષ તરફે **સાહેદ ભરતભાઈ સબુરભાઈ કલાસવાને આંક-૧૨ થી** તપાસવામાં આવેલ છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તેઓ વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશનમાં અ.હે.કો તરીકે તેઓ ફરજ બજાવતા હતા તે દરમીયાન વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશન થી ગુના રજી. નં. ૮૧/૨૦૧૦ થી પશુ સંરક્ષણ અધિનિયમની કલમ-૫,૬,૮ તથા પશુ કૃરતા ધારાની કલમ ૧૧ (ડી) ના કામે ગુન્હાની તપાસ તેઓ તરફ આવતા તેઓએ તપાસ સંભાળી લીધેલ અને લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરી નામ. કોર્ટમાં મોકલી આપેલ આરોપીનું હાલનું ચોકકસ સરનામું હાલમાં હું કહી શકુ નહી. આારોપી સામે સી.આર.પી.સી. ૨૯૯ મુજબની કાર્યવાહી કરેલ હોય ઉલટતપાસ નથી.

**<u>ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન</u>**

(૧૨) ઉપરોકત આવેલ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદી આંક- ૭ વાળા તેમની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન આપે છે અને જણાવે છે કે બનાવવાળી જગ્યાએ ધાગધ્ર તરફના રોડ પર સદરહુ ટ્રક પકડેલ અને આરોપીઓનુ નામ સરનામુ પુછેલ અને પંચનામુ કરી પશુઓને પાંજરાપોળમાં મોકલી આપેલ. જે સંદરભે આ કામના પંચ સાહેદ આંક- ૯ વાળા જુબાનીમાં જણાવે છે કે તેઓ પોલીસ સ્ટેશને ગયેલા અને પોલીસે જણાવેલ કે એક ટ્રક પકડેલ છે ત્યાં બે ઇસમો ઉભા હતા જેનુ નામ સરનામુ તેમને ખબર નથી. આ કામના પંચસાહેદ આંક-૧૧ વાળિ જુબાની ધ્યાને લેતા તેઓના જણાવ્યા મુજબ હાંસપુરથી સોકલીના રોડ વચ્ચે એક ટ્રકમાં બળદો ભરેલા હતા ત્યાં પોલીસે આ ગૌવંશને ગણેલ અને એક લખાણ કરી તેમની પંચ તરીકે સહી લીધેલ. આમ ફરીયાદપક્ષના સદરહુ સાહેદોની જુબાની ધ્યાને લેતા બનાવાળા ટ્રક અને પશુઓ પકડાયેલ હોવાની જગ્યા તથા પંચનામાની જગ્યા અંગે ગંભીર વિરોધાભાષ જણાય છે. વધુમાં આંક-૯ વાળા પંચસાહેદ મુજબ પશુઓ પોલીસ સ્ટેશને લાવેલા. આંક-૧૧ વાળા પંચસાહેદ મુજબ પશુઓ હાંસપુર સોકલી રોડ પર પંચનામા વખતે હતા જયારે ફરીયાદી આંક- ૭ની જુબાની મુજબ સદરહુ પશુઓને પકડયા બાદ ધાંગધ્રા તરફના રોડ પર પંચનામુ કર્યા બાદ પશુઓને પાજરાપોળ મોકલી આપેલ. આમ સદરહુ ફરીયાદપક્ષની સાહેદોની હકીકતો વચ્ચે પણ ગંભીર વિરોધાભાષ ઉત્તપન થાય છે. જે સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ પર ગંભીર શંકા ઉત્તપન થાય છે. વધુમાં  પશુને જે દોરડાથી બાંધવામાં આવેલા તે દોરડાને મુદામાલ તરીકે કબજે લેવામાં આવેલા નથી. તેમજ બનાવ વાળી જગ્યા ઘ્યાને લેતા, જાહેર સ્થળ છે. તેથી સહેલાઈથી સ્વતં ત્ર સાહેદો મળી શકે તેમ છે. ચાર્જશીટ ઘ્યાને લેતા, આ કામે પોલીસ સાહેદ સિવાય બનાવવાળી

જગ્યાએથી કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલ હોય તેવું જણાઈ આવતું નથી. તેમજ અને તે દોરડાનુ વર્ણન પણ ફરીયાદમા દર્શાવેલ નથી. તેથી આરોપી પશુઓને ટુંકા દોરડાથી બાં ધી તેમની સાથે કૃરતા આચરેલી હોય તેવી હકીકત માત્ર સદર સાહેદના પુરાવાના આધારે સાબીત થયેલ માની શકાય તેમ નથી. તે સંજોગોમાં આરોપીએ ગાડીમાં પશુઓને ટુંકા દોરડાથી બાં ધીને લઈ જતા પકડાયેલા હોય તેવી હકીકત પુરવાર થતી નથી. તેમજ સાહદોની જુબાની ધ્યાને લેતા ફરીયાદી તથા પંચસાહેદોની જુબાની પરથી આરોપીઓ પશુઓને કતલ કરવા માટે લઈ જતા હતા તેવુ જણાવેલ હોય તેવી કોઈ હકીકતનો ઉલ્લેખ કરેલ નથી. તેમજ પશુઓ પ્ર ત્યે કૃરતા આચરવામાં આવેલ હોય તે અંગે વેટરનરી ડોકટરનો કોઈ અભિપ્રાય રજુ થયેલ નથી કે તપાસ કરનાર અમલદારે પશુઓની વેટરનરી ડોકટર પાસે સારવાર કરાવેલ હોય તેવી પણ કોઈ હકીકત જણાઈ આવતી નથી. તેમજ બનાવવાળી જગ્યા જાહેર વિસ્તાર છે. તેથી સ્વતં ત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતા આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. વધુમાં મુદામાલ વાહન કોની માલીકીનું હતી તેની કોઈ તપાસ કરેલ નથી. તેમજ વાહનની અંદર પશુઓને જે દોરડાની બાંધેલા હતા તે દોરડા કબજે કરેલ નથી. તેથી આ દોરડાની ખરેખર કેટલી લંબાઈ હતી તે રેકર્ડ પર આવેલ નથી. આથી પશુઓને ખરેખર ટુંકા દોરડાથી બાં ધવામાં આવેલ અને ગાડી અંદર ઘાસ, પાણી, માટીની વ્યવસ્થા નહી રાખી ગુનો કરેલ હોવાનું પુરવાર થતુ નથી. તેમજ બનાવવાળી જગ્યા હાઈવે રોડ હોય ત્યાં ધણા બધા માણસોની અવર જવર રહેતી હોય તેમ છતાં તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ ના હોય તે તમામનો લાભ આરોપીઓને મળવા પાત્ર જણાય હોય, આ તમામ સંજોગોમાં રજુ પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાને અભાવે આરોપીઓ સામેના આક્ષેપોને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, હાલના આરોપીએ ગેરકાયદેસર રીતે કતલ કરવાના ઈરાદે પોતાની ગાડીમાં બળદો નંગ-૧૧ ભરી, કતલ કરવા સારુ કતલખાને લઈ જવા પશુઓને ટુંકા દોરડાથી ફીટ બાંધી, ઘાસચારો, પાણીની વ્યવસ્થા ના રાખી ગુનો કરી પશુ સંરક્ષણ ધારાની કલમ-૫, ૬, ૮, તથા પશુ પ્ર ત્યે ઘાતકીપણુ ૧૯૬૦ ની કલમ ૧૧ ડી મુજબનો ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**॥ આખરી હુકમ ॥**

(૧) આ કામના આરોપી ફિરોજભાઈ અહેમદભાઈ શેખ અને મહેમુદભાઈ મુશાભાઈ મારૂ રહે. જુહાપુરા, સાહિસ્તા ફ્લેટની બાજુમાં દિશા પાર્ક સોસાયટી,મ.ન. ૮, અમદાવાદને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨(૧) અન્વયે પશુ સંરક્ષણ ધારાની કલમ–૫, ૬, ૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણુ ૧૯૬૦ ની કલમ ૧૧ એફ,એચ,ડી મુજબના ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. અન્યથા સદરહુ મુદામાલ વાહન અપીલ સમય પુરો થયા બાદ મુદામાલ વાહન અંગે તેના ખરા માલીકની ખરાઈ કરી તેઓને પરત સોં પવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય બીનકીંમતી મુદામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામા આવેલ મુદામાલ પશુઓને પાંજરાપોળ સંસ્થા વિરમગામમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીઓના અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા વિકલ્પે આરોપીઓ હાજર થયેથી અપીલ સમય સુધીના રૂા. ૫ , ૦૦૦ /– ના સધ્ધર જામીન રજુ કરવા.

હુકમ આજ તારીખ : ૦૮મી, માહે : એપ્રીલ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : વિરમગામ.
તા. ૦૮/૦૪/૨૦૨૬

(ધનંજય જગદીશચંદ્ર વ્યાસ)
અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વિરમગામ.
Code No. GJ01263

Ms. P.A.PARMAR